CPGRAMS :- DHLTH/E/2022/02263 O/C

**પ્રતિક સી. ભટ્ટ** (એડવોકેટ)

સી / ૩૦૪ - સારથી એપાર્ટમેન્ટ,

વિસત પેટ્રોલ પંપની બાજુમાં,

સાબરમતી, અમદાવાદ - ૦૫.

મો. નં. ૯૮૭૯૦૫૬૦૪૦

તા. ૧૮/૦૨/૨૦૨૨.

પ્રતિશ્રી,

**માનનિય વડાપ્રધાનશ્રી**

**શ્રી નરેન્દ્રભાઇ મોદી**

વડાપ્રધાનશ્રીની કચેરી,

સાઉથ બ્લોક, રાઈસિના હિલ,

ન્યુ દિલ્હી - ૧૧૦૦૧૧.

બાબત : **ગુજરાત આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગનાં સંયુકત સચિવ શ્રી આઈ. એમ. કુરેશી દ્વારા આયુર્વેદ મહાવિધ્યાલયોમાં વર્ગ-૧ અને ૨ ની ભરતીમાં ગેરરીતી કરી કૌભાંડ કરેલ હોઈ તેમની વિરુદ્ધ કાયદેસરની કાર્યવાહી કરવા અંગે.**

માનનિય વડાપ્રધાનશ્રી,

આપ માનનિય વડાપ્રધાનશ્રીને અમારી નમ્ર અરજ છે કે,

૧) ગુજરાત સરકારશ્રીનાં આયુષ વિભાગનાં તાબા હેઠળની સરકારી આયુર્વેદ

કોલેજોમાં વર્ગ-૧ (પ્રોફેસર), વર્ગ-૨ (રીડર) તથા વર્ગ-૨ (લેકચરર) ની જી.પી.એસ.સી. મારફતે રેગ્યુલર ભરતીની જાહેરાત કરી તેની પરીક્ષા અને ઈન્ટર્વ્યુ બાદ જી.પી.એસ.સી. ની ભલામણ બાદ આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગનાં સંયુકત સચિવ (આયુષ) શ્રી આઇ. એમ. કુરેશી તથા નાયબ સચિવશ્રી આઇ.ડી. ચૌધરી દ્વારા ઉમેદવારોનાં ડોકયુમેન્ટ વેરીફીકેશનમાં ખોટા અનુભવનાં પ્રમાણપત્રો તથા સી.સી.આઇ.એમ. નાં નિયમોની અવગણનાં કરીને પોતાની સત્તાનો દુરુપયોગ કરી અનુભવ વગરનાં ઉમેદવારોનો અનુભવ માન્ય ગણી તેમને ફાયદો પહોંચાડી ભ્રષ્ટાચાર કરી મોટું કૌભાંડ કરેલ છે, જે અનુસંધાને અમો અરજદારે નિયામકશ્રી, લાંચ રુશ્વત વિરોધી બ્યુરો (એ.સી.બી.) ગુજરાત રાજય, બંગ્લા નં.૧૭, ડફનાળા, શાહિબાગ, અમદાવાદ - ૩૮૦૦૦૪ ખાતે તા.૩૦/૦૯/૨૦૧૮ નાં રોજ લેખિતમાં ફરિયાદ કરેલ, જે એનેક્ષર 'એ' થી આ સાથે સામેલ છે.

૨) ઉપરોકત અમારી ફરિયાદનાં અનુસંધાને એ.સી.બી. ઓફીસ દ્વારા અમારી ફરિયાદ બિડાણ સાથે ગુજરાત આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગને તેમના વીજીલન્સ અધિકારીશ્રી મારફતે નીચે દર્શાવેલ પત્રોથી યોગ્ય તપાસ કરાવીને તેનો અહેવાલ રજૂ કરવા જણાવેલ.

૧) પત્ર ક્રમાંક : પરચ/ગાંધીનગર/૨૭/૪૩૦/૨૦૧૯ તારીખ : ૦૨/૦૩/૨૦૧૯ જે એનેક્ષર 'બી' થી આ સાથે રજૂ છે.

૨) પત્ર ક્રમાંક : પરચ/ગાંધીનગર/૨૭/૧૩૯૩/૨૦૧૯ તારીખ : ૦૭/૦૫/૨૦૧૯ જે એનેક્ષર 'સી' થી આ સાથે રજૂ છે.

૩) પત્ર ક્રમાંક : પરચ/ગાંધીનગર/૨૭/૧૭૬૨/૨૦૧૯ તારીખ : ૨૦/૦૭/૨૦૧૯ જે એનેક્ષર 'ડી' થી આ સાથે રજૂ છે.

૪) પત્ર ક્રમાંક : પરચ/ગાંધીનગર/૨૭/૧૯/૧૦૫૦/૨૦૨૦ તારીખ : ૦૮/૧૦/૨૦૨૦ જે એનેક્ષર 'ઇ' થી આ સાથે રજૂ છે.

૫) પત્ર ક્રમાંક : પરચ/ગાંધીનગર/૨૭/૧૯/૩૪૨/૨૦૨૧ તારીખ : ૨૦/૦૫/૨૦૨૧ જે એનેક્ષર 'એફ' થી આ સાથે રજૂ છે.

આમ, એ.સી.બી. ઓફીસ દ્વારા સને-૨૦૧૯ થી ૨૦૨૧ સુધી ઉપરોકત કુલ પાંચ વાર આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગને યોગ્ય તપાસ કરી અહેવાલ રજૂ કરવા લેખિતમાં રજૂઆત કરેલ, જયારે ઉપરોકત આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગનાં સંયુકત સચિવશ્રી આઇ.એમ. કુરેશી વિભાગનાં તપાસ અધિકારી હોઇ તેમના વિરુદ્ધની કોઇ તપાસ આજદિન સુધી થવા દિધેલ નથી અને તેઓશ્રી આરોગ્ય મંત્રીનાં ખાસ વફાદાર હોઇ તેમની વિરુદ્ધ કોઇ કાર્યવાહી આજદિન સુધી થયેલ નથી, તે નિર્વિવાદ હકિકત છે.

૩) આમ, શ્રી આઇ. એમ. કુરેશી દ્વારા સત્તાનો દુરુપયોગ કરી અનુભવ વગરનાં

૧૦ થી ૧૨ ઉમેદવારોનો અનુભવ સી.સી.આઇ.એમ. નાં નિયમો વિરુદ્ધ જઇ માન્ય રાખી તેમને ફાયદો પહોંચાડવા ભ્રષ્ટાચાર કરી મોટું કૌભાંડ કરી, એ.સી.બી. માં કરેલી અમારી અરજીની તપાસ ના થવા દઇ આ તમામ ગેરલાયક ઉમેદવારોને રેગ્યુલર પોસ્ટીગ આપી દઇ ખુબ જ મોટું કૌભાંડ કરેલ છે, અને તેમ છત્તાં આરોગ્ય મંત્રીશ્રી દ્વારા તેમને છાવરવામાં આવેલ છે, અને તેમની વિરુદ્ધ કોઇ જ કાર્યવાહી કરેલ નથી.

૪) તેમજ, શ્રી આઇ. એમ. કુરેશી સાહેબે નિયામકશ્રી આયુષ ભાવનાબેન પટેલ સાથે મિલીભગતમાં સરકારી આયુર્વેદ કોલેજમાં મંજૂર સરકારી મહેકમ એક હોવા છત્તાં બે વ્યકિતઓનાં પગાર કરેલ છે, અને આ બાબતે નાણાં વિભાગ કે સામાન્ય વહિવટી વિભાગની કોઇ પણ પ્રકારની મંજૂરીઓ લીધા વગર એક મંજૂર જગ્યા ઉપર બે વ્યકિતઓનાં પગાર કરી તેમને લાભ પહોંચાડવા સરકારી તિજોરીને નુકસાન કરેલ છે, જે બાબતની અમો અરજદારે અલગથી ફરિયાદ કરેલ છે. તેમા પણ તેઓ યોગ્ય તપાસ થવા દેતા નથી અને આમ કરીને પણ તેમણે બહુ મોટું કૌભાંડ કરેલ છે.

૫) ગુજરાત સરકારશ્રીનાં સામાન્ય વહિવટ વિભાગની તા.૨૫/૧૦/૨૦૨૧ થી અધિસૂચના ક્રમાંક : સચવ-૧૫૨૦૨૧-૬૧૯-ગ.૨.સેલ થી ઉપરોકત શ્રી આઇ. એમ. કુરેશી (અધિક સચિવ) ની આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગમાંથી સરદાર સરોવર નર્મદા નિગમ લી. (મુળ વિભાગ

ન.જ.સં.પા.પુ.વિ.) માં ટ્રાન્સફર કરેલ હોવા છત્તાં આજદિન સુધી તેઓએ ચાર્જ છોડેલ નથી. સદરહુ અધિસૂચના એનેક્ષર 'જી' થી આ સાથે સામેલ છે. આમ, તેઓએ ગુજરાત સરકારશ્રીનાં પ્રધાનો સાથે ઘરોબો કેળવેલ હોઇ તેમનો કોઇ વાળ પણ વાંકો કરી શકે તેમ નથી તેવી સર્વ સામાન્ય ચર્ચાઓ થાય છે, અને આમ ઉપરોકત બાબતોથી તે સાબિત પણ થાય છે.

૬) શ્રી આઇ. એમ. કુરેશી એ અત્યાર સુધી ઘણાં બધા કૌભાંડો કરેલ છે અને તેમની વિરુદ્ધમાં ઘણી બધી અરજીઓ અને ફરિયાદો અત્યાર સુધીમાં થયેલ છે, પરંતુ તેઓ આરોગ્ય પ્રધાનનાં નજીકનાં અને ખાસ હોવાનાં કારણે આજદિન સુધી એકપણ ફરિયાદ કે અરજીમાં તેમની વિરુદ્ધ તપાસ સુદ્ધાં પણ થયેલ નથી તેવી સર્વ સામાન્ય ચર્ચાઓ થાય છે. આ વિષયમાં પણ ઉંડાણપૂર્વકની યોગ્ય તપાસ થવી જોઇએ એવુ મારું માનવુ છે.

૭) શ્રી આઇ. એમ. કુરેશી દ્વારા આજદિન સુધીમાં કરેલ કૌભાંડો મારફતે તેમના મિત્રો તથા સગાવ્હાલાઓનાં નામે ઘણી બધી મિલકતો ખરીદવામાં આવેલ છે અને ઘણાં પૈસા વિદેશમાં રોકવામાં આવેલ છે તથા તેમના પુત્રનું રાજસ્થાનની સેલ્ફ ફાઇનાન્સ મેડીકલ કોલેજમાં એડમીશન કરાવેલ છે, જેની વાર્ષિક ફી રૂા.૩૫ લાખ છે. આમ, તેમની બીજાનાં નામે વસાવેલ બેનામી મિલકતોની પણ યોગ્ય તપાસ થવી ખુબ જ જરૂરી છે.

અમો અરજદારની આપ માનનિય વડા પ્રધાનશ્રી ને નમ્ર રજૂઆત છે કે, શ્રી

આઇ. એમ. કુરેશી વિરુદ્ધ અમોએ કરેલ ફરિયાદ (એનેક્ષર 'એ') નાં અનુસંધાને તથા સદરહુ અરજીમાં કરેલ બીજા તમામ આક્ષેપો બાબતે સત્વરે કોઇ એસ.આઇ.ટી. કમિટીની નિમણૂંક કરી તેની ઉંડાણપૂર્વકની તપાસ કરી તેમની કાયદેસરની તપાસ કાર્યવાહી થાય તેવી અમો અરજદારની નમ્ર રજૂઆત છે, કારણ કે અત્યાર સુધીમાં તેઓ ગુજરાતનાં પ્રધાનનાં ખાસ માણસ હોઇ કોઇ તપાસ થયેલ નથી, તો અમો અરજદારને આપશ્રી ઉપર પૂર્ણ શ્રદ્ધા છે કે આપશ્રી અમારી સદરહુ ફરિયાદનાં અનુસંધાને સત્વરે કોઇ કાયદેસરની કાર્યવાહી થાય તેવો નિર્ણય કરશોજી.

અમદાવાદ.
તા.૧૮/૦૨/૨૦૨૨

(પ્રતિક સી. ભટ્ટ)
(એડવોકેટ)

**<u>નકલ રવાના</u> :**

૧) **માનનિય મુખ્યમંત્રીશ્રી**
(શ્રી ભુપેન્દ્રભાઇ આર પટેલ)
મુખ્યમંત્રીશ્રીની ઓફીસ,
સ્વર્ણિમ સંકુલ - ૧, સચિવાલય, ગાંધીનગર, ગુજરાત.

૨) **માનનિય આરોગ્ય મંત્રીશ્રી**
(શ્રી ઋષિકેશ જી. પટેલ)
સ્વર્ણિમ સંકુલ ૧, સચિવાલય, ગાંધીનગર, ગુજરાત.

૩) <u>**માનનિય કાયદા મંત્રીશ્રી**</u>

(શ્રી રાજેન્દ્રભાઇ એસ. ત્રિવેદી)

સ્વર્ણિમ સંકુલ ૧, સચિવાલય, ગાંધીનગર, ગુજરાત.

૪) <u>**અગ્ર સચિવશ્રી**</u>

(આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ)

બ્લોક નં.૭, ૭મો માળ, નવા સચિવાલય,

ગાંધીનગર, ગુજરાત.

૫) <u>**અગ્ર સચિવશ્રી**</u>

(સામાન્ય વહિવટ વિભાગ)

બ્લોક નં.૧, નવા સચિવાલય, ગાંધીનગર, ગુજરાત.

Annex. "A"

પ્રતિક સી ભટ્ટ

સી/304 સારથી એપાર્ટમેન્ટ ,

વિસાત, પેટ્રોલ પંપ પાસે,

સાબરમતી, અમદાવાદ

તા. ૩૦/૦૯/૨૦૧૮

મો.૯૮૭૯૦૫૬૦૪૦

પ્રતિ,

ડાયરેક્ટરશ્રી,

એન્ટી કરપ્સન બ્યુરો,

ડફનાળા પાસે,

સાહિબાગ, અમદાવાદ

વિષય : ગુજરાત રાજ્યમાં આવેલ સરકારી આયુર્વેદ મહાવિદ્યાલયમાં GPSCની ભરતી પ્રક્રિયા માં આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગના અધિકારીઓ દ્વારા સત્તાનો દુરઉપયોગ કરી ભ્રષ્ટાચાર કરવા બાબત......

સાહેબશ્રી,

ઉપરોકત વિષયના અનુસંધાને આપશ્રીને જયભારત સહ જણાવવાનું કે હાલમાં ગુજરાત આયુર્વેદ કોલેજોનું પ્રોફેસર વર્ગ-1 નું GPSC દ્વારા પરિણામ બહાર પાડવામાં આવેલ છે. જેમાંઆરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ (આયુર્વેદ) દ્વારા ડોક્યુમેન્ટસ વેરીફીકેશનમાં ખોટા અનુભવના પ્રમાણપત્રો તથા સી.સી.આઇ.એમ. નાં નિયમોની અવગણના કરી પોતાની સત્તાનો દુરઉપયોગ કરી અનુભવ વગરના ઉમેદવારોનો અનુભવ માન્ય ગણી અપાત્ર થતાં ઉમેદવારોને પાત્ર ગણી તેઓને ફાયદો પહોંચાડી ભ્રષ્ટાચાર કરેલ છે. સદર વસ્તુ સ્થિતિની વિગતો નીચે મુજબ છે.

1) ડો. સ્વીટી રૂપારેલ, પ્રોફેસર વર્ગ-૧, પંચકર્મ વિભાગની નિમણુંક રીડર વર્ગ-૧ તરીકે ભાવનગર ખાતે કરવામાં આવેલ ત્યારે પાંચ વર્ષના અનુભવ ની જગ્યાએ માત્ર સાડા ત્રણ વર્ષ જ હતો. ત્યારબાદ તેઓને સી.સી.આઇ.એમ દ્વારા રીડર વર્ગ-૧ તરીકે માન્ય ગણવામાં આવેલ નથી તેવો નિયામકશ્રીના મકામ-૧ ૬૨૮૪-૮૫/૨૦૧૩ ક તા. ૨૦/૦૫/૨૦૧૩ આદેશો થયેલ હોવા છતાં ૨૦૧૬માં પણ અનુભવ પુરતો ન હોવા છતા તેઓને પ્રોફેસર વર્ગ-૧ બનાવી ગેરરીતિ આચરેલ છે તેમજ તાજેતરમાં GPSCને પણ ગેરમાર્ગે દોરી આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગના અધિકારીઓએ તેમની સત્તનો દુર ઉપયોગ કરી ભ્રષ્ટ્રાચાર આચરેલ છે.

2) ડો. હર્ષિત શાહ જેમનો અનુભવ 9 વર્ષ અને 8 મહિના અને 2 દિવસ નો હોવા છતાં શલ્ય વિભાગમાં GPSC દ્વારા પ્રોફેસર વર્ગ-1 ની પરીક્ષા આપવા દિધેલ છે. અને GPSC દ્વારા તેમને પસંદગી પામેલ ઉમેદવાર તરીકે માન્ય રાખેલ છે. તેમનો રીડર તરીકેનો પાંચ વર્ષ નો અનુભવ ન હોવા છતાં પણ તેમનો અનુભવ ગણેલ છે.

3) ડો. હર્ષિત શાહ ના પત્નીશ્રી ડો. સેજલ હર્ષિત શાહ (M.O) જેઓ ગાંધીનગર ખાતે વહીવટી સેવા બજાવી રહ્યા છે. ડેપ્યુટેશન પર અમદાવાદ કોલેજમાં મુકવામાં આવેલ, પરંતુ તેઓ નિયામકશ્રીની કચેરી (આયુષ)માંજ હોય છે કોલેજ ખાતે તો હોતા જ નથી તેમજ તેઓને કાયચિકિત્સા તેમજ સ્વસ્થવૃત્ત વિષયમાં GPSC દ્વારા અપાત્ર જાહેર કરવામા આવેલ હોવા છતાં લેખિત તેમજ મૌખિક પરીક્ષા માટે પાત્રતા આપવામાં આવેલ છે. ડો. સેજલ હર્ષિત શાહનો રીસર્ચ વર્ક અનુભવ બતાવેલ છે. તે પણ ખોટો છે. વડી કચેરીમાં ક્યા પ્રકારનું રીસર્ચ વર્ક કરી શકાય ? એ વિચારણીય બાબત છે. જેમાં સગાવાહલાની નિતી અપનાવી ગેરરીતી આચરવામાં આવે છે.

આમ આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ (આયુર્વેદ) સંયુક્ત સચિવશ્રી,આઇ. એમ. કુરેશી તેમજ ડેપ્યુટી સચિવશ્રી, આઇ.ડી.ચૌધરી આ અધિકારીઓએ તેમની સત્તાનો દુરઉપયોગ કરી, ડો. હર્ષિત શાહ તથા યુનિયન નાં ચેરમેન ડો. રાકેશ મિશ્રા જેવા વચેટીયાઓની મદદ લઇ મોટાપાયે ભ્રષ્ટાચાર આચરેલ હોય તેની તપાસ કરી જરૂરી કાર્યવાહી કરવા યોગ્ય કરશોજી.

આ તમામ બાબતો અંગે આપસાહેબશ્રી ન્યાયોચિત તપાસ કરાવી ન્યાયના હિતમાં આપ જરૂરથી અંગત રસ લઇ માનનીય આરોગ્યમંત્રીશ્રીને તેમજ આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગના સચિવશ્રીને માહિતગાર કરશો, જેથી સરકારશ્રીના સમય અને નાણાંનો વ્યય ન થાય, જેનાથી કાયદો અને વ્યવસ્થા સુચારૂ રૂપે ચાલે અને ગુજરાત સરકારની છબી ખરડાતી અટકાવી શકાય. તેથી અમો નીચે સહી કરનાર આપશ્રીના આભારી રહીશું. અને અમોને યોગ્ય ન્યાય આપની ઓફિસથી મળે તેવી સંપૂર્ણ આશા છે.

વિનમ્ર આભારસહ –જય ગુજરાત, જય ભારત.

મારી આ ફરીયાદમાં નીચેના સાહેદો છે.

| | |
|---|---|
| 1) ડો. દિપ્તીબેન પુરાણી | અખંડાનંદ આયુર્વેદ કોલેજ અમદાવાદ |
| 2) ડો. રીનાબેન પુરાણી | અખંડાનંદ આયુર્વેદ કોલેજ અમદાવાદ |
| 3) ડો. દેવાંગી ઓઝા | સરકારી આયુર્વેદ કોલેજ વડોદરા |
| 4) ડો. નિલમ દેવરે | સરકારી આયુર્વેદ કોલેજ વડોદરા |
| 5) ડો. શીતલ પરમાર | સરકારી આયુર્વેદ કોલેજ વડોદરા |
| 6) શ્રીમતિ પૂનમબેન ભટ્ટ | અખંડાનંદ આયુર્વેદ કોલેજ અમદાવાદ |

આપનો વિશ્વાસુ

પ્રતિક ભટ્ટ

બિડાણ

1. પ્રોફેસર વર્ગ-૧ ના અધિકારીઓ દ્વારા GPSC ને અપાયેલ અનુભવનાં ખોટા પ્રમાણપત્રો અંગેની માહિતી ના પુરાવા

(1)

ANNEX. "B"


ક્રમાંક: પરચ/ગાંધીનગર/૨૭/૪૭૦/૨૦૧૯.

મુખ્ય પોલીસ અધિકારી અને નિયામકની કચેરી,

લાંચ રૂશ્વત વિરોધી બ્યૂરો, ગુજરાત રાજ્ય,

બંગલા નં.૧૭, ડફનાળા, શાહીબાગ,

અમદાવાદ-૩૮૦ ૦૦૪.

Email- cr-acb-ahd@gujarat.govt.in

☎ ફોન નંબર :- ૦૭૯૨૨૮૬૦૩૪૧.

તા. ૦૪/૦૩/૨૦૧૯.


પ્રતિ,

**અધિક મુખ્ય સચિવશ્રી, (તબીબી સેવાઓ અને તબીબી શિક્ષણ),**

**આરોગ્ય અને પરીવાર કલ્યાણ વિભાગ,**

**બ્લોક નં: ૭/૮ મો માળ, સચિવાલય, ગાંધીનગર.**

**વિષય:** અરજદાર શ્રી પ્રતિક સી.ભટ્ટ, રહે:- સી/૩૦૪, સારથી એપાર્ટમેન્ટ, વિસત પટ્રોલ પંપ પાસે, સાબરમતી, અમદાવાદનાઓની તા.૧૨/૧૦/૨૦૧૮ની અરજી રજુઆત સંબંધે જરૂરી કાર્યવાહી કરવા બાબત.

**સંદર્ભ:** (૧) ગૃહ વિભાગના પરીપત્ર નં-ગતપ /૩૨૨૦૦૦/૩૩૬૬/ હ, તા .૨૭ /૧૨ /૨૦૦૧.

(૨) ગુજરાત તકેદારી આયોગ ગાંધીનગરના તા.૧૩./૦૮/૨૦૦૮ના પરિપત્ર ક્રમાંક: મકમ -૧૦૨૦૦૬-P.V.I.-(ફ)-ગ, ગુજરાત વીઝીલન્સ મેન્યુઅલ પેજ નં-૨૪૭ અન્વયે

**શ્રીમાન,**

ઉપરોકત વિષય તથા સંદર્ભ પરત્વે જણાવવાનું કે, અરજદાર શ્રી પ્રતિક સી.ભટ્ટ, રહે:- સી/૩૦૪, સારથી એપાર્ટમેન્ટ, વિસત પટ્રોલ પંપ પાસે, સાબરમતી, અમદાવાદનાઓની તા.૧૨/૧૦/૨૦૧૮ની અરજીના આક્ષેપિત અધિકારીઓ, આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર દ્વારા જી.પી.એસ.સી. ભરતી પ્રક્રિયામાં સત્તાનો દુરૂપયોગ કરી, ભ્રષ્ટાચાર કર્યા અંગેના આક્ષેપોની અસલ અરજી બિડાણ સહિત આ સાથે સામેલ રાખી આપશ્રી તરફ જરૂરી કાર્યવાહી સારૂ આપશ્રીને તબદીલ કરવામાં આવે છે.

**૨/-** સંદર્ભ-૧ માં જણાવેલ પરીપત્ર મુજબ સરકારશ્રીના દરેક વિભાગોમાં તકેદારી અધિકારીની નિમણુંક કરવાનું જણાવવામાં આવેલ છે. સંબંધિત તકેદારી અધિકારીને સંદર્ભિત પરીપત્રના ફકરા નં - (૩) ના પેરા નં - (૫) માં જણાવ્યા મુજબ લાંચ રૂશ્વત વિરોધી બ્યુરોને જે કેસમાં સરકાર દ્વારા અને તકેદારી આયોગ દ્વારા તપાસ સોંપાયેલ હોય કે પછી બ્યુરોએ પોતાને મળેલ બાતમી આધારે તપાસ શરૂ કરી હોય તેવા તમામ કેસોમાં બ્યુરોને યોગ્ય મદદ મળી રહે તે જોવાની ફરજ સોંપવામાં આવેલ છે તેમ જણાવેલ છે.

**૩/-** સંદર્ભ-૨ માં જણાવેલ પરિપત્રના પેરા નં.-૨માં ભ્રષ્ટાચાર કે ગેરરીતીની ઘટના બને તે પૂર્વે જ આવી ઘટના બનતી નિવારી શકાય તેવા વહીવટી સરળતાવાળા અને પારદર્શક પગલા ભરવામાં આવે તે નિતાંત આવશ્યક હોવાનુ જણાવેલ છે.

૪/- સંદર્ભ-૨ માં જણાવેલ પરિપત્રના પેરા -૩ માં જણાવ્યા મુજબ રાજયની કોઇપણ કચેરી/ખાતામાં, વહીવટમાં યોજના અમલમાં કે બાંધકામ/ખરીદી જેવી ટેન્ડર પ્રક્રિયાની બાબતમાં ભ્રષ્ટાચારી રીતરસમ અપનાવવામા આવતી હોય, નિર્ણયને ભ્રષ્ટાચારથી ઈરાદા પૂર્વક વિલંબિત કરવામાં આવતો હોય અન્યથા જાહેર જનતા સાથે અસહકારભર્યુ વલણ દાખવી કનડગત કરવામાં આવતી હોય કે કોઇની અણહક્કની તરફેણ કરવામાં આવતી હોય તેવુ જણાય તો તેવા કિસ્સામાં નિવારક તકેદારી નિરીક્ષણ જરૂરી બનતુ હોવાનુ જણાવેલ છે અને સદર પેરાના પેટા પેરા-૧ થી ૭માં માર્ગદર્શક સુચનાઓ પણ આપવામાં આવેલ છે. જે પરિપત્ર ગુજરાત તકેદારી આયોગની વેબસાઇટ http://gvc.gujarat.gov.in/ ઉપર, પરિપત્ર ક્રમાંક ૧૭૨ ઉપર કલીક કરવાથી પ્રાપ્ત થઇ શકે છે.

૫/- જેથી અરજદારશ્રીની પ્રસ્તુત અરજી સંદર્ભે આક્ષેપિત અધિકારીઓ, આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર દ્વારા જી.પી.એસ.સી. ભરતી પ્રક્રિયામાં સત્તાનો દુરૂપયોગ કરી, ભ્રષ્ટાચાર કર્યા અંગેના આક્ષેપો અંગે આપની કક્ષાએથી આપના વિજીલન્સ અધિકારી મારફતે તપાસ કરાવવા વિનંતી છે.

૬/- આપની તપાસ દરમ્યાન ભ્રષ્ટાચાર નિવારણ અધિનિયમ-૧૯૮૮ને લગતી જોગવાઈ અન્વયે કોઈ આધારભુત હકીકત જણાઈ આવે અથવા તો આપના દ્વારા પ્રકરણનો નિકાલ કરવામાં આવ્યેથી **કરેલ કાર્યવાહી અંગેનો અહેવાલ અત્રેની કચેરીને મોકલી આપવા વિનમ્ર વિનંતી છે.**

**"ઈ.ચા નિયામકશ્રીના હુકમથી "**

**બિડાણ : ઉપર મુજબ.**

**આપનો વિશ્વાસુ,**

**( એ.જી.ધાસુરા )**
**મદદનિશ નિયામક,મુ.મ,**
**લાંચ રૂશવત વિરોધી બ્યુરો**
**ગુજરાત રાજ્ય, અમદાવાદ વતી**

**નકલ સવિનય રવાના :-**

(૧) સચિવશ્રી ગુજરાત તકેદારી આયોગ, ગાંધીનગર.

૨/- સંદર્ભ-૨ માં જણાવેલ નિવારક તકેદારી નિરીક્ષણ અંગેના પરિપત્રને અમલવારી કરાવા વિભાગના તકેદારી અધિકારીને જણાવેલ છે. જે આપની જાણ સારૂ.

(૨) નાયબ સચિવશ્રી ( તપાસ ), આરોગ્ય અને પરીવાર કલ્યાણ વિભાગ, ગાંધીનગર.

(૩) શ્રી પ્રતિક સી.ભટ્ટ, રહે:- સી/૩૦૪, સારથી એપાર્ટમેન્ટ, વિસત પટ્રોલ પંપ પાસે, સાબરમતી, અમદાવાદ.

૨/- આપને જરૂર જણાય તો, આપની અરજી અન્વયે થયેલ કાર્યવાહી/પ્રગતિ/પરિણામથી વાકેફ થવા અર્થે હવે પછી પત્રમાં નિર્દિષ્ટ કરેલ કચેરી/સત્તાધિકારીનો બારોબાર સંપર્ક સાધવા વિનંતિ છે

(૨)

ANNEX. "C"

ક્રમાંક: પરચ /ગાંધીનગર/૨૭/ 1393/૨૦૧૯.
મુખ્ય પોલીસ અધિકારી અને નિયામકની કચેરી,
લાંચ રૂશ્વત વિરોધી બ્યૂરો, ગુજરાત રાજ્ય,
બંગલા નં.૧૭, ડફનાળા, શાહીબાગ,
અમદાવાદ-૩૮૦ ૦૦૪.
Email- cr-acb-ahd@gujarat.govt.in
☎ ફોન નંબર :- ૦૭૯૨૨૮૬૦૩૪૧.
તા. 9 /૦૫/૨૦૧૯.

પ્રતિ,
**અધિક મુખ્ય સચિવશ્રી, (તબીબી સેવાઓ અને તબીબી શિક્ષણ)**
**આરોગ્ય અને પરીવાર કલ્યાણ વિભાગ,**
**બ્લોક નં: ૭/૮ મો માળ, સચિવાલય, ગાંધીનગર.**

**વિષય:** અરજદારશ્રી પ્રતિક સી.ભટ્ટ, રહે: સી/૩૦૪, સારથી એપાર્ટમેન્ટ, વિસત પેટ્રોલ પંપ પાસે, સાબરમતી, અમદાવાદનાઓની તા.૧૨/૧૦/૨૦૧૮ ની અરજી રજુંઆત સંબંધે જરૂરી કાર્યવાહી કરવા બાબત.
**સંદર્ભ:** અત્રેની કચેરીનાં સમાન ક્રમાંકનાં જા.નં.૪૩૦/૨૦૧૯, તા.૦૨/૦૩/૨૦૧૯ અન્વયે.

**શ્રીમાન,**

ઉપરોકત વિષય તથા સંદર્ભ પરત્વે જણાવવાનું કે, અરજદાર શ્રી પ્રતિક સી.ભટ્ટ, રહે: સી/૩૦૪, સારથી એપાર્ટમેન્ટ, વિસત પેટ્રોલ પંપ પાસે, સાબરમતી, અમદાવાદનાઓની તા.૧૨/૧૦/૨૦૧૮ ની અરજીના આક્ષેપિત અધિકારીઓ, આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર દ્વારા જી.પી.એસ.સી. ભરતી પ્રક્રિયામાં સત્તાનો દુરૂપયોગ કરી, ભ્રષ્ટાચાર કર્યા અંગના આક્ષેપો બાબતેની અસલ અરજી જરૂરી કાર્યવાહી કરી, કરેલ કાર્યવાહીનો અહેવાલ અત્રેની કચેરીને મોકલી આપવા વિનમ્ર વિનંતી કરેલ હતી.

૨/- પ્રસ્તુત બાબતે અરજદારશ્રીની અરજી રજુંઆત સંબંધે આપ સા.શ્રી દ્વારા કરવામાં આવેલ કાર્યવાહીનો અહેવાલ મળેલ ન હોય, કરેલ કાર્યવાહીનો અહેવાલ મોકલી આપવા વિનમ્ર વિનંતી છે.

**"મદદનિશ નિયામકશ્રીના આદેશથી "**

**આપનો વિશ્વાસુ,**

**( એ.જી.ધાસુરા )**
**મદદનિશ નિયામક,મુ.મ,**
**લાંચ રૂશવત વિરોધી બ્યુરો,**
**ગુજરાત રાજ્ય, અમદાવાદ.વતી.**

**નકલ સવિનય રવાના :-**

(૧) સચિવશ્રી ગુજરાત તકેદારી આયોગ ગાંધીનગર.

૨/- સંદર્ભ-૨ માં જણાવેલ નિવારક તકેદારી નિરીક્ષણ અંગેના પરિપત્રને અમલવારી કરાવા વિભાગના તકેદારી અધિકારીને જણાવેલ છે. જે આપની જાણ સારૂ.

(૨) નાયબ સચિવશ્રી ( તપાસ ), આરોગ્ય અને પરીવાર કલ્યાણ વિભાગ, ગાંધીનગર.

(૩) શ્રી પ્રતિક સી.ભટ્ટ, રહે: સી/૩૦૪, સારથી એપાર્ટમેન્ટ, વિરાત પેટ્રોલ પંપ પાસે, સાબરમતી, અમદાવાદ.

૨/- આપને જરૂર જણાય તો, આપની અરજી અન્વયે થયેલ કાર્યવાહી/પ્રગતિ/પરિણામથી વાકેફ થવા અર્થે હવે પછી પત્રમાં નિર્દિષ્ટ કરેલ કચેરી/સત્તાધિકારીનો બારોબાર સંપર્ક સાધવા વિનંતિ છે.

ANNEX "D"

(3)

ક્રમાંક: પરચ/ગાંધીનગર/૨૭/२७६५/२०१૯.
મુખ્ય પોલીસ અધિકારી અને નિયામકની કચેરી,
લાંચ રૂશ્વત વિરોધી બ્યુરો, ગુજરાત રાજ્ય,
બંગલા નં ૧૭, કફનાળા, શાહીબાગ,
અમદાવાદ-૩૮૦ ૦૦૪.
Email- cr-acb-ahd@gujarat.govt.in
ફોન નંબર :- ૦૭૯૨૨૮૬૦૩૪૧.
તા. २० /०७/२०१૯.

પ્રતિ,

અધિક મુખ્ય સચિવશ્રી, (તબીબી સેવાઓ અને તબીબી શિક્ષણ)
આરોગ્ય અને પરીવાર કલ્યાણ વિભાગ,
બ્લોક નં: ૭/૮ મો માળ, સચિવાલય, ગાંધીનગર.

વિષય: અરજદારશ્રી પ્રતિક સી.ભટ્ટ, રહે: સી/૩૦૪, સારથી એપાર્ટમેન્ટ, વિસત પેટ્રોલ પંપ પાસે, સાબરમતી, અમદાવાદનાઓની તા.૧૨/૧૦/૨૦૧૮ ની અરજી રજુંઆત સંબંધે જરૂરી કાર્યવાહી કરવા બાબત.

સંદર્ભ: (૧) અત્રેની કચેરીનાં સમાન ક્રમાંકનાં જા.નં.૪૩૦/૨૦૧૯, તા.૦૨/૦૩/૨૦૧૯.
(૨) અત્રેની કચેરીનાં સમાન ક્રમાંકનાં જા.નં.૧૩૯૩/૨૦૧૯, તા.૦૯/૦૫/૨૦૧૯.

શ્રીમાન,

ઉપરોક્ત વિષય તથા સંદર્ભ પરત્વે જણાવવાનું કે, સંદર્ભિત પત્રોથી અરજદાર શ્રી પ્રતિક સી.ભટ્ટ, રહે: સી/૩૦૪, સારથી એપાર્ટમેન્ટ, વિસત પેટ્રોલ પંપ પાસે, સાબરમતી, અમદાવાદનાઓની તા.૧૨/૧૦/૨૦૧૮ ની અરજીના આક્ષેપિત અધિકારીઓ, આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર દ્વારા જી.પી.એસ.સી. ભરતી પ્રક્રિયામાં સત્તાનો દુરૂપયોગ કરી, ભ્રષ્ટાચાર કર્યા અંગના આક્ષેપો બાબતેની અસલ અરજી જરૂરી કાર્યવાહી કરી, કરેલ કાર્યવાહીનો અહેવાલ અત્રેની કચેરીને મોકલી આપવા વિનમ્ર વિનંતી કરેલ હતી.

૨/- પ્રસ્તુત બાબતે અરજદારશ્રીની અરજી રજુંઆત સંબંધે આપ સા.શ્રી દ્વારા કરવામાં આવેલ કાર્યવાહીનો અહેવાલ મળેલ ન હોય, કરેલ કાર્યવાહીનો અહેવાલ મોકલી આપવા વિનમ્ર વિનંતી છે.

**"મદદનિશ નિયામકશ્રીના આદેશથી"**

આપનો વિશ્વાસુ,

(બી.એન.ચાવડા)
ઇ.ચા. મદદનિશ નિયામક,મુ.મ,
લાંચ રૂશવત વિરોધી બ્યુરો,
ગુજરાત રાજ્ય, અમદાવાદ. વતી

ભ્રષ્ટાચારની ખોલો પોલ - કરો કોલ - ૧૦૬૪ (ટોલ ફ્રી)

(૫)

ANNEX "E"

ક્રમાંક: પરચ/ગાંધીનગર/૨૭/૧૯/૨૦૫૦/૨૦૨૦.

મુખ્ય પોલીસ અધિકારી અને નિયામકની કચેરી,
લાંચ રૂશ્વત વિરોધી બ્યૂરો, ગુજરાત રાજ્ય,
બંગલા નં.૧૭, ડફનાળા, શાહીબાગ,
અમદાવાદ-૩૮૦ ૦૦૪.
Email- cr-acb-ahd@gujarat.govt.in
☎ ફોન નંબર :- ૦૭૯૨૨૮૬૦૩૪૧.

તા. ૦૮/૧૦/૨૦૨૦.

પ્રતિ,
શ્રીમતી ડો. જયંતિ એસ. રવિ,
અગ્ર સચિવશ્રી,
આરોગ્ય અને પરીવાર કલ્યાણ વિભાગ,
બ્લોક નં: ૭/૮ મો માળ, સચિવાલય, ગાંધીનગર.

**વિષય:** અરજદારશ્રી પ્રતિક સી.ભટ્ટ, રહે: સી/૩૦૪, સારથી એપાર્ટમેન્ટ, વિસત પેટ્રોલ પંપ પાસે, સાબરમતી, અમદાવાદનાઓની તા.૧૨/૧૦/૨૦૧૮ ની અરજી રજુંઆત સંબંધે જરૂરી કાર્યવાહી કરવા બાબત.

**સંદર્ભ:** (૧) અત્રેની કચેરીનાં સમાન ક્રમાંકનાં જા.નં.૪૩૦/૨૦૧૯, તા.૦૨/૦૩/૨૦૧૯.
(૨) અત્રેની કચેરીનાં સમાન ક્રમાંકનાં જા.નં.૧૩૯૩/૨૦૧૯, તા.૦૯/૦૫/૨૦૧૯.
(૩) અત્રેની કચેરીનાં સમાન ક્રમાંકનાં જા.નં.૧૭૬૨/૨૦૧૯, તા.૨૦/૦૭/૨૦૧૯.

માનનીય મહોદયા,
લાંચ રૂશ્વત બ્યુરોની શુભકામનાઓ,

ઉપરોકત વિષય તથા સંદર્ભ પરત્વે સવિનય જણાવવાનું કે, અરજદાર શ્રી પ્રતિક સી.ભટ્ટ, રહે: સી/૩૦૪, સારથી એપાર્ટમેન્ટ, વિસત પેટ્રોલ પંપ પાસે, સાબરમતી, અમદાવાદનાઓની તા.૧૨/૧૦/૨૦૧૮ ની અરજીના આક્ષેપિત અધિકારીઓ, આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર દ્વારા જી.પી.એસ.સી. ભરતી પ્રક્રિયામાં સત્તાનો દુરૂપયોગ કરી, ભ્રષ્ટાચાર કર્યા

અંગના આક્ષેપો બાબતેની અસલ અરજી જરૂરી કાર્યવાહી કરી, કરેલ કાર્યવાહીનો અહેવાલ અત્રેની કચેરીને મોકલી આપવા વિનમ્ર વિનંતી કરેલ હતી.

**૨/-** પ્રસ્તુત બાબતે અરજદારશ્રીની અરજી રજુઆત સંબંધે સંદર્ભિત પત્ર-૨ તથા ૩ **થી** આપ સા.શ્રી દ્વારા કરવામાં આવેલ કાર્યવાહીનો અહેવાલ મોકલી આપવા જણાવેલ હોય પરંતુ ઘણો સમય થયેલ હોય કરાયેલ કાર્યવાહીનો અહેવાલ હજુ સુધી અત્રેની કચેરીને મળેલ ના હોય, કરાયેલ કાર્યવાહીનો અહેવાલ સત્વરે મોકલી આપવા વિનમ્ર વિનંતી છે. જે આપશ્રીને વિદીત થાય.

**આપનો વિશ્વાસુ,**

07.4.2020

**( કેશવ કુમાર )**
નિયામક,
લાંચ રૂશવત વિરોધી બ્યુરો,
ગુજરાત રાજ્ય, અમદાવાદ.

**<u>નકલ સવિનય રવાના :-</u>**

(૧) શ્રી આર.જી.દેસાઇ, સચિવશ્રી ગુજરાત તકેદારી આયોગ ગાંધીનગર.
૨/- આપની જાણ સારૂ.

(૨) નાયબ સચિવશ્રી (તપાસ), આરોગ્ય અને પરીવાર કલ્યાણ વિભાગ, ગાંધીનગર.

(૩) શ્રી પ્રતિક સી.ભટ્ટ, (અરજદાર) રહે: સી/૩૦૪, સારથી એપાર્ટમેન્ટ, વિસત પેટ્રોલ પંપ પાસે, સાબરમતી, અમદાવાદ.

૨/- આપને જરૂર જણાય તો, આપની અરજી અન્વયે થયેલ કાર્યવાહી/પ્રગતિ/પરિણામથી વાકેફ થવા અર્થે હવે પછી પત્રમાં નિર્દિષ્ટ કરેલ કચેરી/સત્તાધિકારીનો બારોબાર સંપર્ક સાધવા વિનંતિ છે.

ANNEX. "F"

(5)

**ક્રમાંક: પરચ/ગાંધીનગર/૨૭/૧૯/૩૪૨/૨૦૨૧.**

મુખ્ય પોલીસ અધિકારી અને નિયામકની કચેરી,
લાંચ રૂશ્વત વિરોધી બ્યૂરો, ગુજરાત રાજ્ય,
બંગલા નં.૧૭, ડફનાળા, શાહીબાગ,
અમદાવાદ-૩૮૦ ૦૦૪.
Email- cr-acb-ahd@gujarat.govt.in
☎ ફોન નંબર :- ૦૭૯૨૨૮૬૦૩૪૧.

તા.૨૭/૦૫/૨૦૨૧.

**પ્રતિ,**

અગ્ર સચિવશ્રી,
આરોગ્ય અને પરીવાર કલ્યાણ વિભાગ,
બ્લોક નં: ૭/૮ મો માળ, સચિવાલય, ગાંધીનગર.

**વિષય:** અરજદારશ્રી પ્રતિક સી.ભટ્ટ, રહે: સી/૩૦૪, સારથી એપાર્ટમેન્ટ, વિસત પેટ્રોલ પંપ પાસે, સાબરમતી, અમદાવાદનાઓની તા.૩૦/૦૯/૨૦૧૮ની અરજી રજુંઆત સંબંધે જરૂરી કાર્યવાહી કરવા બાબત.

**સંદર્ભ:**
(૧) અત્રેની કચેરીનાં સમાન ક્રમાંકનાં જા.નં.૪૩૦/૨૦૧૯, તા.૦૨/૦૩/૨૦૧૯.
(૨) અત્રેની કચેરીનાં સમાન ક્રમાંકનાં જા.નં.૧૩૯૩/૨૦૧૯, તા.૦૯/૦૫/૨૦૧૯.
(૩) અત્રેની કચેરીનાં સમાન ક્રમાંકનાં જા.નં.૧૭૬૨/૨૦૧૯, તા.૨૦/૦૭/૨૦૧૯.
(૪) અત્રેની કચેરીનાં સમાન ક્રમાંકનાં જા.નં.૧૦૫૦/૨૦૨૦, તા.૦૮/૧૦/૨૦૨૦.

**માનનીય મહોદય,**

ઉપરોકત વિષય તથા સંદર્ભ પરત્વે સવિનય જણાવવાનું કે, અરજદાર શ્રી પ્રતિક સી.ભટ્ટ, રહે: સી/૩૦૪, સારથી એપાર્ટમેન્ટ, વિસત પેટ્રોલ પંપ પાસે, સાબરમતી, અમદાવાદનાઓની તા.૩૦/૦૯/૨૦૧૮ ની પી.જી.પોર્ટલ ( GOVJG/E/2021/05501, DT.21/03/2021) મારફતે મળેલ અરજીના આક્ષેપિત અધિકારીઓ, આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર દ્વારા જી.પી.એસ.સી. ભરતી પ્રક્રિયામાં સત્તાનો દુરૂપયોગ કરી, ભ્રષ્ટાચાર કર્યા અંગના આક્ષેપો બાબતેની અસલ અરજી બિડાણો સહિત આ સાથે સામેલ રાખી આપશ્રી તરફ જરૂરી કાર્યવાહી સારૂ આપશ્રીને તબદીલ કરવામાં આવે છે.

૨/- વધુમાં જણાવવાનુ કે, અત્રેની કચેરીના સંદર્ભિત પત્ર-૧ માં દર્શાવેલ પત્રથી અરજદાર શ્રી પ્રતિક સી.ભટ્ટ, રહે: સી/૩૦૪, સારથી એપાર્ટમેન્ટ, વિસત પેટ્રોલ પંપ પાસે, સાબરમતી, અમદાવાદનાઓની તા.૧૨/૧૦/૨૦૧૮ ની અરજીના આક્ષેપિત અધિકારીઓ, આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર દ્વારા જી.પી.એસ.સી. ભરતી પ્રક્રિયામાં સત્તાનો દુરૂપયોગ કરી, ભ્રષ્ટાચાર કર્યા અંગના આક્ષેપો બાબતેની અસલ અરજી જરૂરી કાર્યવાહી કરી, કરેલ કાર્યવાહીનો અહેવાલ અત્રેની કચેરીને મોકલી આપવા વિનમ્ર વિનંતી કરેલ હતી.

૩/- ત્યાર બાદ પ્રસ્તુત બાબતે અરજદારશ્રીની અરજી રજુઆત સંબંધે સંદર્ભિત પત્ર-૨ થી ૪ માં દર્શાવેલ પત્રોથી આપ સા.શ્રી દ્વારા કરવામાં આવેલ કાર્યવાહીનો અહેવાલ મોકલી આપવા જણાવેલ હોય પરંતુ ઘણો સમય થયેલ હોય કરાયેલ કાર્યવાહીનો અહેવાલ હજુ સુધી અત્રેની કચેરીને મળેલ ના હોય, કરાયેલ કાર્યવાહીનો અહેવાલ સત્વરે મોકલી આપવા વિનમ્ર વિનંતી છે. જે આપશ્રીને વિદીત થાય.

બિડાણ: ઉપર મુજબ.

આપનો વિશ્વાસુ,

મદદનીશ નિયામક,(મુ.મ)
લાંચ રૂશવત વિરોધી બ્યુરો,
ગુજરાત રાજ્ય, અમદાવાદ વતી

**નકલ સવિનય રવાના :-**

(૧) સચિવશ્રી ગુજરાત તકેદારી આયોગ ગાંધીનગર.

(૨) નાયબ સચિવશ્રી (તપાસ), આરોગ્ય અને પરીવાર કલ્યાણ વિભાગ, ગાંધીનગર.

(૩) શ્રી પ્રતિક સી.ભટ્ટ, (અરજદાર) રહે: સી/૩૦૪, સારથી એપાર્ટમેન્ટ, વિસત પેટ્રોલ પંપ પાસે, સાબરમતી, અમદાવાદ.
**૨**/- આપને જરૂર જણાય તો, આપની અરજી અન્વયે થયેલ કાર્યવાહી/પ્રગતિ/પરિણામથી વાકેફ થવા અર્થે હવે પછી પત્રમાં નિર્દિષ્ટ કરેલ કચેરી/સત્તાધિકારીનો બારોબાર સંપર્ક સાધવા વિનંતિ છે.

ANNEX "G"

गुजरात सरकार

आज़ादी का अमृत महोत्सव

# ગુજરાત સરકાર
## સામાન્ય વહીવટ વિભાગ,
## સચિવાલય, ગાંધીનગર.
તા.૨૫-૧૦-૨૦૨૧

**// અધિસૂચના //**

**ક્રમાંક : સચવ-૧૫૨૦૨૧-૬૧૯-ગ.૨ સેલ**

સચિવાલય સેવા સંવર્ગ વર્ગ-૧ ના નીચે દર્શાવેલ **નાયબ સચિવ સંવર્ગના** અધિકારીઓની તેમના નામ સામે કોલમ-૩ માં દર્શાવેલ વિભાગ/કચેરી ખાતેથી **બદલી** કરીને કોલમ-૪ માં દર્શાવેલ વિભાગ/કચેરી ખાતે નિયુકત કરવામાં આવે છે.

| **ક્રમ** | **નામ/હોદ્દો** | **હાલના વિભાગ/કચેરીનું નામ** | **બદલીથી નિમણૂકનો વિભાગ/કચેરીનું નામ** |
|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ |
| ૧ | શ્રી આઇ. એમ. કુરેશી<br>અધિક સચિવ | આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ | સરદાર સરોવર નર્મદા નિગમ લિ. (મૂળ વિભાગ ન.જ.સં.પા.પુ.વિ.) |
| ૨ | શ્રી જે. બી. દ્વિવેદી<br>અધિક સચિવ | પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ | નર્મદા, જળ સંપત્તિ, પા.પુ. અને ક.સ.વિભાગ |
| ૩ | શ્રી એમ. વી. પટેલ,<br>અધિક સચિવ | સામાન્ય વહીવટ વિભાગના હવાલે<br>(મૂળ વિભાગ નાણા વિભાગ ) | ઊર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગ |
| ૪ | શ્રી કે. ડી. મોઢા<br>સંયુકત સચિવ | સામાન્ય વહીવટ વિભાગના હવાલે<br>(મૂળ વિભાગ નાણા વિભાગ) | સામાન્ય વહીવટ વિભાગ/આયોજન પ્રભાગ |
| ૫ | શ્રી આર. જી. ભટ્ટ<br>નાયબ સચિવ | સામાન્ય વહીવટ વિભાગના હવાલે<br>(મૂળ વિભાગ મહેસૂલ વિભાગ ) | મહેસૂલ વિભાગ |
| ૬ | શ્રી એચ. બી. મારડીયા<br>નાયબ સચિવ | પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ | નર્મદા, જળ સંપત્તિ, પા.પુ. અને ક.સ.વિભાગ |
| ૭ | શ્રી ટી. એચ. સોની<br>સંયુકત સચિવ<br>(નાયબ સચિવ) | ગુજરાત જાહેર સેવા આયોગ | સામાન્ય વહીવટ વિભાગ |
| ૮ | શ્રી કે. એચ. સુથાર<br>નાયબ સચિવ | સામાન્ય વહીવટ વિભાગ | બંદરો અને વાહન વ્યવહાર વિભાગ |
| ૯ | કુ. અંજના કે. ક્રિશ્ચિયન<br>નાયબ સચિવ | વન અને પર્યાવરણ વિભાગ | માર્ગ અને મકાન વિભાગ |
| ૧૦ | શ્રીમતી ઋતા એસ. ભટ્ટ<br>નાયબ સચિવ | સ્પીપા, અમદાવાદ | ગ્રાહક તકરાર નિવારણ ફોરમ, અમદાવાદ (જગ્યા અપગ્રેડ કરીને મૂળ વિભાગ અ.ના.પુ. અને ગ્રા.બા.વિ.) |